Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૫૦ મું. આત્મ સંવત ૨૦૦૮.

સં. ૫૬

અંક ૨ જો. તા. ૧૫ ૯ ૫૨ ભાદ્રપદ

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦ ૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુક્રમણિકા.

૧	સામાન્ય જિન સ્તવન	(શ્રી જવાનમલ)	૨૧
૨	પર્યુષણુ કર્તવ્ય ...	(અમરચંદ માવજી શાહ)	૨૧
૩	ભર્તૃહરિ અને દિગ્નાગ	(પૂ૦ શ્રી જમ્બૂવિજયજી)	૨૨
૪	ભર્તૃહરિ અને દિગ્નાગ (અંગ્રેજીમાં) ...	(એ. આર. રંગા–સ્વામી આયંગર)	૨૭
૫	ઉપરના લેખનો અનુવાદ		૨૭
૬	વલ્લભવાણી	(પૂ આ. શ્રીવિજયવલ્લભ સૂરીશ્વરજી મ૦)	૩૩
૭	શ્રી સિદ્ધસેન દિવાકરની કૃતિઓ	(પ્રો. હીરલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.)	૩૪
૮	વર્તમાન સમાચાર	(સભા)	૩૬
૯	સ્વીકાર–સમાલોચના ...	(સભા)	૩૬

" શ્રી કલ્પસૂત્ર–(સચિત્ર) "

આર્થિક સહાય મળેથી છપાવવામાં આવશે.

શ્રી કલ્પસૂત્ર એ આપણો મહાન પૂજ્ય ગ્રંથ છે. દર વર્ષ પવિત્ર પર્યુષણાપર્વમાં પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચે છે. શ્રદ્ધાપૂર્વક સાંભળનારા ભાઇઓ આરાધનાવડે થોડા વખતમાં મોક્ષગામી બને છે.

જ્યાં નાના મોટા ગામ–ગામડાઓમાં જ્યાં પૂજ્ય મુનિવરોના ચાતુર્માસ થતાં નથી, ત્યાંના જૈન બંધુઓને કલ્પસૂત્ર સાંભળવાની તક મળતી નથી, તેવા ગામોના કેટલાક જૈન બંધુઓ તરફથી અમોને સચિત્ર કલ્પસૂત્ર (ટીકાના અનુવાદવાળું) ગુજરાતી ભાષામાં સરલ ભાષાંતર કરાવી પ્રગટ કરવા સુચના ઘણા વખતથી થયા કરે છે, જો કે અત્યારે છાપકામ, ચિત્રકામ, કાગળો વગેરેની વધતી જતી સખ્ત મોંઘવારી છતાં શ્રી મહાવીર પ્રભુના જીવન પ્રસંગના રંગીન ફોટાઓ સાથે ઉંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઇપમાં છપાવતાં શુમારે રૂા. ૬૦૦૦) છ હજાર રૂપીયા ખર્ચના થાય તેમ છે) એક બંધુ કે બે ત્રણ બંધુઓ મળી તેટલું ખર્ચ આપશે તો તેમના જીવનચરિત્ર સાથે ફોટા આપવામાં આવશે.) ધનાઢ્ય જૈન બધુઓએ આર્થીક સહાય આપી આવા જ્ઞાનોદ્ધાર અને અનેક ગામડાઓમાં જ્યાં જ્યાં આ ગ્રંથ જશે ત્યાં ત્યાં પવિત્ર પર્યુષણપર્વમાં અનેક જૈન બધુએ વ્હેતો સાંભળી લાભ લેશે તેમજ પર્યુષણ કર્તવ્યો કરી આત્મકલ્યાણ સાધશે તેનો અનુમોદના વગેરે લાભ આર્થિક સહાય આપનારને વર્ષોનાવર્ષો સુધી મલશે.

આ નાના ગામો માટે પર્યુષણ પર્વ માટે અતિ મૂલ્યવાન અને ઉપયોગી ગ્રંથ હોવાથી તેવા તેવા ગામોને જ માત્ર ભેટ મોકલવામાં આવશે.

આર્થિક સહાય આપનારની સુચના અમુક જ્ઞાનભંડારો સિવાય માત્ર ખાસ ઉપકારી ગ્રંથ હોવાથી સિવાય કોઇને ભેટ આપવામાં આવશે નહિં. અને જરૂરીયાત હશે ત્યાં સભા અમુક શરતે ભેટ મોકલશે.

લાભ લેવો હોય તેમણે આ સભાને પત્ર લખી જણાવવું.—

જાહેર ખબર.

શ્રી ભાવનગરમાં શ્રી કૃષ્ણનગરમાં બંધાયેલ નવા જીનાલયમાં મુળનાયકજી તરીકે પધરાવવા શ્રી મહાવીરસ્વામીજીની પ્રતીમા એક ઉંચાઇ ઈંચ ૨૫ અગર તેથી વધારે યોગ્ય નકરાથી જોઇએ છે.

લખો—શા. નારણજી ભાણાભાઇ. (વીમાવાળા.)
કાંટાવાળો ડેલો–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૮. ભાદ્રપદ પુસ્તક ૫૦ મું.

વિક્રમ સં. ૨૦૦૮. :: તા. ૧૫ મી સપ્ટેમ્બર ૧૯૫૨ :: અંક ૨ જો.

સામાન્યજિન સ્તવન.

(પ્રભુ તુજ શાસન અતિ ભલું: એ રાગ.)

પ્રભુ તારૂં દર્શન લાગે પ્યારું, પાપ ક્રોડો હરનારું રે;
મનવાંછિત ફલ તે આપે, આનંદ ઉત્કૃષ્ટ દેનારું રે. પ્રભુ૦ ૧
પ્રભુ તુજ મૂર્તિ મનોહારી, જોતાં દિલ હર્ષિત થાવે રે;
જે નરનારી તુજ દર્શન કરે, તે વાંછિત સુખ પાવે રે. પ્રભુ૦ ૨
દર્શન કરવાથી પ્રાપ્તજ થાય, વિનય વિવેકાદિ ગુણો રે;
મોહ, માયા ને લોભ આદિ, દૂર થાય એ અવગુણો રે. પ્રભુ૦ ૩
પ્રભુ તારા દર્શનનો પ્રભાવ, વર્ણવતા નવિ આવે રે;
જે પ્રભુ તારા દર્શન કરે, તે અવ્યાબાધ સુખ પાવે રે. પ્રભુ૦ ૪
તેનેજ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય, જે તુજ દર્શનમાં શ્રદ્ધા ધરાવે રે;
મોક્ષનું અનંતગણું સુખ, જવાનમલ કહે તે પાવે રે. પ્રભુ૦ ૫

પર્યુષણ કર્તવ્ય.

(કવ્વાલી)

અમો ક્રોધ સમાવીને, સૌ જીવો ખમાવીને;
વળી મસ્તક નમાવીને, મિચ્છામિ દુઃક્કડં ગ્રહીશું. ૧
અમો સંયમ તપ પાળી, કલુષિત કર્મને બાળી;
વળી સૌ દોષને ટાળી, પરમ આરાધના કરીશું. ૨
અમારી કાયા મન વાણી, કરે અહિંસાતણી લ્હાણી;
દયા વીર ધર્મ પીછાણી, પર્યુષણને દીપાવીશું. ૩
ન દ્વેષી કોઇના થઇશું, ન વિરોધી અમે બનશું;
ક્ષમાનું સૂત્ર આચરશું, કષાયોને શમાવીશું. ૪
અમો સત્ય ન્યાય ને નીતિ, સૌ જીવો તરફ પ્રીતિ;
અમારા ધર્મની રીતિ, 'અમર' પ્રેમે પ્રસારીશું. ૫

—અમરચંદ માવજી શાહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ जयन्तु जिनेन्द्राः ॥

भर्तृहरि अने दिङ्नाग

શ્રી આત્માનંદપ્રકાશના તા. ૧૫-૩-૫૨ ના અંકમાં આચાર્યભગવાન શ્રી **મલ્લવાદિક્ષમાશ્રમણના** સમયના અનુસંધાનમાં બૌદ્ધાચાર્ય **દિગ્નાગરચિત પ્રમાણસમુચ્ચયની** રચના **ભર્તૃહરિ**પ્રણીત **વાક્યપદીયથી** પછી થયેલી છે, એ હું જણાવી ગયો છું. આ સાથે Bhartṛhari and Diṅnāga (ભર્તૃહરિ અને દિગ્નાગ) નામનો જે ઇંગ્લીશ લેખ આપવામાં આવેલો છે તે ઉપર જણાવેલ **વાક્યપદીય** અને **પ્રમાણસમુચ્ચયના** પૂર્વાપરભાવનું જ વિશદરીતે **સમર્થન** કરે છે. આ ઇંગ્લીશ લેખના લેખક વિદ્વાન્ મહાશય શ્રીમાન્ [1]**રંગાસ્વામી રામાનુજ આયંગર મ્હૈસુર**રાજ્યના પુરાતત્ત્વ સંશોધનમંદિરના મુખ્ય સંચાલક છે, સંસ્કૃત સાહિત્યના જ્ઞાન ઉપરાંત ટિબેટન ભાષાનું પણ જ્ઞાન ધરાવે છે અને ભારતમાં ટિબેટનગ્રંથો ઉપર સંશોધન કરનારા વિરલ વિદ્વાનોમાંના એક છે.

બૌદ્ધ સાહિત્યનો ઘણો મોટો ભાગ સંસ્કૃત ભાષામાં આજે નાશ પામી ગયો છે અને તેનાં ચીની તથા ટિબેટન ભાષાંતરો જ આજે મળે છે. આ હકીકત મારા લેખોમાં હું ઘણીવાર જણાવી ગયો છું. **प्रमाणसमुच्चय** નામનો **દિઙ્ગનાગ**રચિત ગ્રંથ કે જેનો વૈદિક તથા [2]**જૈન** સાહિત્યમાં ખંડન-મંડન માટે ઘણો ઉપયોગ કરવામાં આવેલો છે તેની પણ આ જ દશા થઈ છે. આ ગ્રંથ ઉપર **દિઙ્નાગની** સ્વોપજ્ઞ **वृत्ति** પણ છે અને તેના ઉપર **જિનેન્દ્રમતિપાદ** ઉર્ફે **જિનેન્દ્રબુદ્ધિએ** રચેલી ૯૦૦૦ શ્લોકપ્રમાણ **વિશાલામલવતી** નામની ટીકા પણ છે. આ **मूल, वृत्ति** અને **टीका** ત્રણે સંસ્કૃતમાં નાશ પામી ગયાં છે, તેથી **પ્રમાણસમુચ્ચયનું** ટિબેટન ભાષાંતર ઉપરથી સંસ્કૃતમાં પુનઃ ભાષાંતર (Restoration into Sanskrit) કરીને જનતા સમક્ષ મૂકવા માટે શ્રી **આયંગરે** ઘણો પ્રયત્ન કરીને આજથી બાવીસ વર્ષ પૂર્વે તેના ૬ પરિચ્છેદો **પૈકી** પ્રથમ પરિચ્છેદ પ્રકટ કર્યો હતો. ત્યારપછી અનુક્રમે બીજા પરિચ્છેદો પ્રગટ કરવા માટે તેમનો પ્રયત્ન તો ચાલુ હતો જ. પણ ટિબેટનમાંથી સંસ્કૃતમાં ભાષાંતર કરવાના કાર્યની અત્યંત કઠિનતાને લીધે પ્રકાશિત કરી શક્યા નહોતા. આથી જ્યારે મેં **નયચક્રમાં પ્રમાણસમુચ્ચય** અને તેની **વૃત્તિના** ઘણા પાઠો ઉદ્ધૃત કરેલા જોયા ત્યારે મેં તેમને સૂચના કરી કે **નયચક્ર** નામના **અપ્રસિદ્ધ** જૈનદાર્શનિક ગ્રંથનો ઉપયોગ કરવાથી ટિબેટનમાંથી સંસ્કૃતમાં અનુવાદ કરવાનું કેટલેય સ્થળે તમારું કષ્ટ બચી જશે. તેઓ ઘણા ખુશી થયા અને મારી પાસેથી **નયચક્રની** પ્રતિ મંગાવી. પછી વડોદરા, હંસવિજયજી લાયબ્રેરીની **નયચક્રની** પ્રતિ પૂજ્યશ્રી **પુણ્યવિજયજી** મહારાજ સાહેબદ્વારા મેં તેમના ઉપર મોકલાવી હતી. આ પ્રતિનો ઉપયોગ તેમણે ભર્તૃહરિના સમયના સંબંધમાં પણ કર્યો છે, એનો [3]ઉલ્લેખ સાથેના લેખમાં વાચકો જોઈ શકશે.

---

૧ H. R. Rangaswami Iyengar, M. A. Suprintendent, Oriental Research Institute, MYSORE.

૨ ન્યાયાવતારમાં આચાર્ય ભ૦ શ્રી **સિદ્ધસેન**દિવાકરજીએ પણ પ્રમાણસમુચ્ચયનું ખંડન કરેલું છે.

૩ વિ. સં. ૨૦૦૪ માં અમારું **તલેગામ ઢમઢેરા** (જીલ્લા-પુના) માં ચોમાસું હતું તે વખતે નયચક્રની પ્રતિ મેં આયંગર ઉપર મોકલાવી હતી એટલે મારા નામોલ્લેખમાં **તલેગામનું** નામ તેમણે લખ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રસિદ્ધ ચીની યાત્રી ઇત્સિંગે જણાવેલો ભર્તૃહરિનો ઇસ્વીસન ૬૫૦ માં મૃત્યુસમય ચોથીથી આઠમી શતાબ્દી સુધીના ભારતીયદાર્શનિક ઇતિહાસમાં એક સીમાચિહ્ન (Mile-stone) રૂપે થઇ પડ્યો છે. તેને આધારે ઘણાય ગ્રંથકારોનો સમય નક્કી કરવામાં આવ્યો છે. યુરોપીય અને ભારતીય વિદ્વાનોએ ઇત્સિંગના વચનને એક આપ્તવાક્યરૂપે જ માની લીધું હતું, છતાં ઇત્સિંગનું આ કથન સત્ય નથી, એમ કેટલાક વિદ્વાનોના મનમાં ઘણા સમયથી ઘોળાયા કરતું હતું. મેં પણ મારા નયચક્રના લેખોમાં આ વાતનો અગાઉ નિર્દેશ કર્યો જ છે, પરંતુ દિઙ્નાગે બે કારિકા ભર્તૃહરિના વાક્યપદીયમાંથી ઉદ્ધૃત કરી છે, આ વાતની સર્વપ્રથમ શોધ શ્રી આયંગરે જ કરી છે અને ઇત્સિંગના કથનની અસત્યતા તેમણે બરાબર સપ્રમાણ સિદ્ધ કરી આપી છે. **विशालामलवती**(પ્રમાણસમુચ્ચયટીકા)ની કોપી કરતાં આ હકીકત તેમને જડી આવી હતી. આ શોધનું મહત્ત્વ કેટલું બધું છે, એ તે વિષયમાં રસ ધરાવતા માણસો સહજ રીતે સમજી શકશે. ૪ થી ૮ મી શતાબ્દી સુધીના વિદ્વાનોના સમયની જે વ્યવસ્થિત શૃંખલા સંશોધકોએ તૈયાર કરી છે તેને હવે બદલ્યા સિવાય છૂટકો જ નથી. અસ્તુ.

તા. ૧૫-૩-૫૨ ના અંકમાં જે માહિતી મેં રજૂ કરી હતી તથા સાથેના ઇંગ્લીશ લેખમાં પણ જે માહિતી છે તેનાથી અધિક તપાસ કરતાં જે વધારે માહિતી મને મળી આવી છે તે નીચે પ્રમાણે છે.

प्रमाणसमुच्चय ઉપરની દિઙ્નાગની **वृत्ति**ના બે ટિબેટન [1]અનુવાદો થયેલા છે. એક અનુવાદ ભારતીયપંડિત **वसुधररक्षित** કે જે ટિબેટમાં ગયો હતો તેણે કર્યો છે, જ્યારે બીજો અનુવાદ **कनकवर्मा**એ કરેલો છે. એક જ ગ્રંથના બંને અનુવાદો હોવાથી આશય એક જ છે, છતાં અનુવાદકો જુદા જુદા હોવાથી ભાષામાં ઘણો ઘણો ફરક પડી ગયો છે. કોઇક સ્થળે અનુવાદકની ભૂલ પણ થઇ ગઇ છે, છતાં અહીં એ અપ્રસ્તુત છે. બે અનુવાદમાં બીજો અનુવાદ વધારે સારો છે. **वृत्ति**ના અનુવાદમાં મૂળ કારિકાઓનો પણ અનુવાદ મોટાભાગે ભેગો આવી જાય છે, છતાં **कनकवर्मा**એ કરેલો **मूल**નો જુદો અનુવાદ પણ મળે છે. આ બંને કરતાંય **विशालामलवती टीका**નો અનુવાદ ઘણો સુંદર છે.

દિઙ્નાગે જે પ્રસંગમાં જે રીતે વાક્યપદીયની કારિકાઓ ઉદ્ધૃત કરી છે તે આખો પ્રસંગ **वृत्ति**ના બંને અનુવાદોનું પરિશીલન કરીને સંસ્કૃતમાં ભાષાંતર કરીને નીચે આપવામાં આવે છે.

[2]अथ जाति-समुदायशब्दयोः को विशेष इति चेत्, कश्चिदपि नास्ति। जाति-शब्दोऽपि प्रसिद्धिवशात् क्वचित् प्रत्येकमवयवेषु आरोप्यते यथा-अभक्ष्यो ग्रामशूकर इति। क्वचित्तु मुख्यः। यथोक्तम्—

૧ પ્રમાણસમુચ્ચયવૃત્તિના બંને ટિબેટન અનુવાદો નાર્થંગએડીશનની Tanjur, Mdo, No. 95 પ્રતિમાં અનુક્રમે પૃ. ૧૩ A-૯૬ B તથા પૃ. ૯૬ B-૧૭૯ B માં છપાયેલા છે. આ બંને અનુવાદોનાં અતિ દુર્લભ પાનાં મને જોવા આપવા બદલ મિત્રવર્ય શ્રી H. R. R. આયંગરને અનેકશઃ ધન્યવાદ આપું છું.

૨ प्रमाणसमुच्चयवृत्तिના બંને અનુવાદોને તપાસીને મેં આ સંસ્કૃત રૂપાંતર (Retranslation) તૈયાર કર્યું છે. તેમાં પણ મુખ્યતયા હું અહીં બીજા અનુવાદને અનુસર્યો છું. વૃત્તિના બંને ટિબેટન અનુવાદો તથા विशालामलवती टीकाનો પણ ટિબેટન અનુવાદ અહીં આપવાની મારી ઇચ્છા હતી, પરંતુ આ માસિકના મોટા ભાગના વાચકો ટિબેટન ભાષાથી અપરિચિત હોવાને લીધે તેમને એ લાંબા લાંબા અવતરણો કંટાળાદાયક થઇ પડશે, એમ સમજીને એ અનુવાદ આપવાનો લોભ અહીં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"[1]संख्याप्रमाणसंस्थाननिरपेक्षः प्रवर्तते ।
बिन्दौ च समुदाये च वाचकः सलिलादिषु[2] ॥" इति ।

क्वचित्तु अवयवेषु न प्रवर्तते एव । यथा—

"संस्थानवर्णावयवैर्विशिष्टे यः प्रयुज्यते ।
शब्दो न तस्यावयवे प्रवृत्तिरुपलभ्यते[3] ॥" इति ।

[4]संस्थानविशिष्टे प्रवृत्ताः चक्रम् परिमण्डलो दीर्घश्चतुरस्र इति तथा मुष्टि-ग्रन्थि-पंक्ति-कुण्डलकादयः अवयवं नाभिदधति । वर्णविशिष्टे प्रवृत्ताः 'चित्रः कल्माषः' इत्यादयः अवयवविशिष्टे प्रवृत्ताः 'शतं सहस्रं प्रस्थो द्रोणो मासः संवत्सरः' इत्यादयः अवयवेषु न प्रवर्तन्ते ।

समुदायशब्दोऽपि क्वचित् प्रत्येकं परिसमाप्यते, यथा 'नगरम्' इति उच्यते । क्वचित्तु आरोप्यते, यथा—शरीरकर्मणा आत्मनः कर्म उच्यते । क्वचित्तु अवयवेषु नैव प्रवर्तते,[5] यथा यूथं वनमिति । [6]प्रमाणसमुच्चयवृत्तिः, अपोहपरिच्छेदः पञ्चमः

જતો કરું છું. ઉપરાંત ટિબેટન ભાષામાંના કેટલાય અક્ષરો આપણી લિપિમાં નથી. એટલે તેના પ્રતિશબ્દો સૂચવવા માટે મારે જાત-જાતના સંકેતો આપવા પડે છે. અને એ સંકેતોથી અપરિચિત હોવાને લીધે આપણા કંપોઝીટરોને હાથે તેમાં ઘણીવાર ભૂલ થાય છે.

૧ તા. ૧૫–૩–૫૨ ના આત્માનંદ પ્રકાશના અંકમાં પૃ. ૧૧૩ માં મેં જણાવ્યું છે તે પ્રમાણે આ કારિકાના બીજા ટિબેટન ભાષાંતરમાં कनकवर्माએ પૂર્વાર્ધ–ઉત્તરાર્ધનો વ્યુત્ક્રમ કર્યો છે. પણ वसुधररक्षिते કરેલા પહેલા અનુવાદમાં નીચે મુજબ બરાબર ક્રમ પ્રમાણે છે.

ટિબેટન ભાષાંતર નં. ૧	સંસ્કૃત
ग्रङ्स्-दङ् छद्-जिद् दङ् नि द्ब्यिब्स् ।	संख्याप्रमाणसंस्थान
ब्ल्तोस्-प मेद्-पर् रब्-तु ऽजुग् ।	निरपेक्षः प्रवर्तते ।
छु ल-सोग्स् पडि थिग्स् प दङ् ।	बिन्दौ च समुदाये च
ऽदुस्-प ल यङ् ब्र्जोद्-पर् ब्येद् ।	वाचकः सलिलादिषु ॥

२ वाक्यपदीय, काण्ड २, कारिका १५७ ।

३ वाक्यपदीय, काण्ड २, कारिका १५६ ।

४ प्रमाणसमुच्चयवृत्तिना પહેલા અનુવાદમાં અહીં નીચે પ્રમાણે વાક્યરચના છેઃ—

संस्थानविशिष्टे प्रवृत्तः 'चक्रम्, परिमण्डलः, दीर्घः, चतुरस्रः' इति अवयवो नाभिधीयते । तथा मुष्टिग्रन्थिपङ्क्तिकुण्डलकादयः ।

તુલના—"संस्थानविशिष्टोपक्रमः (? चक्रम्) परिमण्डलो दीर्घश्चतुरस्र इति तदवयवो नाभिधीयते । तथा मुष्टिग्रन्थिसन्धिक्त(?)कुण्डलकादयः शब्दाः तदवयवेषु न प्रयुज्यन्ते । वर्णशब्दानां चित्रः कल्माषः सारङ्ग इति तदवयवेष्वप्रवृत्तिः । अवयवशब्देन शतं सहस्रं प्रस्थो द्रोणः मासः संवत्सरः ।"

—भर्तृहरिविरचितवाक्यपदीयस्वोपज्ञवृत्ति,

५ द्पेर्-न रूयु शेस् ब्य व दङ् । नगूस् शेस् ब्य ब ल्त बुओVI

६ प्रमाणसमुच्चयवृत्तिना પ્રથમ અનુવાદમાં આ ભાગ પૃ. ૮૭A માં છે, બીજા અનુવાદમાં પૃ. ૧૭૦B-૧૭૧Aમાં છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આમાં **यथोक्तम्** એ પ્રમાણે નિર્દેશ હોવાથી **દિઙ્નાગે** ઉપરની બે કારિકાઓ અન્ય ગ્રંથમાંથી ઉદ્ધૃત કરી છે, એ તો ચોક્કસ દેખાઇ આવે છે હવે આ બે કારિકા કોની છે, તે જાણવા માટે આના ઉપર **જિનેંદ્ર**મતિવિવેચિત **विशालामलवती** ટીકામાં નીચે મુજબ જે [1]વ્યાખ્યા છે તે જોવાથી ખાત્રી થશે કે આ કારિકાઓ **ભર્તૃહરિ**ની જ છે.

अर्थेत्यादि । यदि उभावपि सामान्यवाचिनौ [तर्हि] जाति-समुदायशब्दयोः को विशेषः ? न कश्चिदित्यभिप्रायः । कश्चिदपि नास्तीति एतन्मात्रेण अंशेन विशेषो नास्त्येव इति भावः, न तु सर्वथा नास्त्येव इति । अन्यथा ' अयं जातिशब्दः, अयं समुदायशब्दः ' इति भेदो न स्यात् ।

ननु अवयवेषु साक्षादध्यारोपाभ्यां प्रवृत्त्या भेदो भविष्यति, जातिशब्दः प्रत्येकमवयवेषु साक्षाद् वर्तते, समुदायशब्दस्तु अध्यारोपात् । अयं जातिसमुदायशब्दयोः विशेषः । प्रसिद्धिवशात् जातिशब्दः प्रत्येकमपि समुदायिषु वर्तते, समुदायशब्दस्तु प्रत्येकं समुदायिषु अध्यारोप्येत इति चेत्, तत आह-प्रसिद्धिवशादित्यादि । शूकरव्यक्तेरवयवेष्वपि शूकरशब्द आरोपाद् वर्तते-यथा अभक्ष्यो ग्रामशूकर इति वचने अवयवा अपि अभक्ष्याः ।

क्वचित्तु मुख्यः अवयवेषु वर्तते । यथोक्तं भर्तृहरिणा । सलिलादिषु इति आदिशब्देन पृथिव्यादिपरिग्रहः । संख्यादिनिरपेक्षत्वेन अवयवेषु मुख्या प्रवृत्तिः दर्श्यते । संख्यादिसापेक्षत्वे...चतुरस्रादिवत् मुख्या प्रवृत्तिर्न स्यात् । तत्र संख्यानिरपेक्षः बिन्द्वञ्जल्यादिः संख्यानिरपेक्षत्वात् एकस्मिन्नपि बिन्दौ वर्तते अनेकेष्वपि । सलिलशब्दः प्रमाणनिरपेक्षः । संस्थाननिरपेक्षः दीर्घपरिमण्डलचतुरस्राद्यनपेक्षत्वात् ।

तथा मुष्टिग्रन्थिकुण्डलकादीनामवयवा मुष्ट्यादिशब्दैर्नाभिधीयन्ते । अवयवविशिष्टे इति, नियतावयवविशेषसमुदायवाचिनः शतादिशब्दा अवयवेषु न प्रवर्तन्ते । वर्णविशिष्टे चित्रः कल्माष इति नीले रक्ते वा चित्रावयवे न प्रवर्तते ।

क्वचित् प्रत्येकं परिसमाप्यते इति प्रत्येकमवयवेषु मुख्यः प्रयुज्यते इत्यर्थः । मुख्य इत्येतत् कुत इति चेत्, ' पश्चाद्भूते उपचारः ' इति वचनात् । नगरशब्दः गृहक्षेत्रमार्ग-

---

૧ આ વ્યાખ્યા ટિબેટન ભાષાંતર ઉપરથી સંસ્કૃતમાં રૂપાંતર (Restoration) કરીને મેં અહીં આપી છે. નાર્થંગએડીશનની Tanjur, Mdo, No. 115 પ્રતિમાં આ ભાષાંતર છપાયેલું છે. આ ભાષાંતરની અત્યંત દુર્લભ પ્રતિ કે જે ઘણો ઘણો પ્રયત્ન કરવા છતાં અમને મળી શકી ન હતી તે Adyar Library, Theosophical Society, Adyar, Madrasમાંથી મેળવી આપવા બદલ ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ(પુના)ના ક્યુરેટર International Scholar શ્રી પરશુરામ ભાઉસાહેબ ગોડે (P. K. Gode) તથા પુના, ફર્ગ્યુસન કૉલેજના જર્મન ભાષાના અધ્યાપક વિવિધ ભાષાજ્ઞ નામાંકિત વિદ્વાન્ ડૉ. શ્રી વાસુદેવ વિશ્વનાથ ગોખલે M A. Ph. D. કે જેમની પ્રેરણાથી જ હું ટિબેટન ભાષા શીખ્યો છું તથા જે મારા અંગત ધર્મસ્નેહી છે તેમને અનેકશઃ ધન્યવાદ આપું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

प्राकारपुरुषादिसमुदायवाचक एकदेशे पुरुषादौ वर्तते। शरीरकर्मणा आत्मनः कर्म उच्यते इत्यत्र शरीरशब्दो हस्तादिसमुदाये वर्तमानस्तदवयवेष्वेव अध्यारोप्यते।

अयं पुनरत्र जाति-समुदायशब्दयो र्विशेषः प्रकाश्यते-समुदायशब्द एकसमुदायान्तर्वर्तिनः सजातीयान् विजातीयांश्च अभेदेन-अभिदधाति, जातिशब्दस्तु तज्जातीयानेव समुदितानसमुदितांश्चांपीति।

—विशालामलवती नाम प्रमाणसमुच्चयटीका. पृ० ३३० B-३३१ A.

આ ટીકામાં **यथोक्तं भर्तृहरिणा** એમ ઉલ્લેખ હોવાથી આ કારિકાદ્વય **ભર્તૃહરિનું** છે એ તો સ્પષ્ટ છે. તપાસ કરતાં આ બંને કારિકાઓ **ભર્તૃહરિના વાક્યપદીયના** ૨જા કાંડમાં અનુક્રમે ૧૫૭ તથા ૧૫૬ મી મળી આવે છે. દિગ્નાગે અહીં વ્યુત્ક્રમથી ઉદ્ધૃત કરી જણાય છે.

આ ઉપરાંત એક બીજી વાતનો પણ પ્રસંગવશાત્ અહીં નિર્દેશ કરી લઉં. **કલકત્તા સંસ્કૃત ગ્રંથમાલા**(નં. ૧૩)માં **સાંખ્યકારિકાની युक्तिदीपिका** નામની વૃત્તિ બહાર પડી છે. આ વૃત્તિ **માઠરવૃત્તિથી** તદ્દન જુદા પ્રકારની છે અને પ્રાચીન છે એમાં તો શંકા જ નથી, છતાં દિગ્નાગના **प्रत्यक्षं कल्पनापोढम्** આ લક્ષણનો તેમાં ઉલ્લેખ હોવાથી **પ્રમાણસમુચ્ચય** પછી જ રચના થયેલી છે એ તો નિર્વિવાદ છે. કલકત્તા યુનિવર્સીટિના નામાંકિત વિદ્વાન્ **શતકરી મુખરજી** કે જેઓ **શતકોડી બાબુના** નામથી પ્રસિદ્ધ છે તેમણે **युक्तिदीपिका**ની પ્રસ્તાવનામાં [1]જણાવ્યું છે કે યુક્તિદીપિકામાં **ભર્તૃહરિના વાક્યપદીયનું** કોઇ પણ અવતરણ ન હોવાથી યુક્તિદીપિકા વાક્યપદીયથી જૂની છે. પરંતુ આ તેમનું લખાણ ' ભર્તૃહરિનું ઇ. સ. ૬૫૦માં મૃત્યુ થયું છે ' આ ઇતિસંગવચનનિર્મિત સંસ્કારોને આધારે જ રચાયેલું છે. અને તેથી જ યુક્તિદીપિકામાં પૃ૦ ૩૮માં ભર્તૃહરિની એક કારિકા ઉદ્ધૃત કરેલી હોવા છતાં તેઓ જોઇ શક્યા નથી, પરંતુ ખરી રીતે યુક્તિદીપિકાથી વાક્યપદીય જ પ્રાચીન છે, કારણ કે યુક્તિદીપિકા પૃ૦ ૩૮ માં નીચે પ્રમાણે વાક્યપદીયમાંથી એક કારિકા ઉદ્ધૃત કરેલી છે.

आह च—प्रमाणत्वेन तां लोकः सर्वः समनुगच्छति।
व्यवहाराः प्रवर्तन्ते तिरश्चामपि तद्वशात्॥ [वाक्यप० २/८१]

આ વાક્યપદીયના બીજા કાંડની ૮૧ મી કારિકા છે.

આ ઉપરાંત વાક્યપદીયના ' **प्रतिभा वाक्यार्थः** ' આ મતની સમાલોચના પણ પ્રમાણસમુચ્ચયમાં છે, એ વિષે પ્રસંગે જણાવીશ. આ બધા વિવેચનથી સ્પષ્ટ છે કે વૈયાકરણ [2]ભર્તૃહરિ ઘણો જૂનો વિદ્વાન છે. તેથી આચાર્ય ભગવાન શ્રી મલ્લવાદી ક્ષમાશ્રમણે ભર્તૃહરિના મતનો વિસ્તારથી ઉલ્લેખ

૧ Nor even a single quotation can be traced to Bhartṛhari's Vākyapadīya, which has been laid under contribution by all writers who followed him. Forward of Yuktidīpikā p. g.

૨ આ લેખમાં મેં બધું વિવેચન વાક્યપદીયકાર ભર્તૃહરિને અનુલક્ષીને કરેલું છે, પરંતુ शतकत्रयनो કર્તા ભર્તૃહરિ કોણ છે, તેનો શો સમય છે, ઇત્યાદિ બાબતોનું વિસ્તૃત વિવેચન શ્રી ધર્માનંદ કોસાંબીના ચિરંજીવ વિદ્વદ્વર શ્રી દામોદર કોસાંબીએ The journal of oriental research, Mylapore, Madras ના ઇ. સ. ૧૯૪૫ ના ડીસેમ્બર માસના અંકમાં on the Authorship of the SATAKATRAYI નામના લેખમાં કરેલું છે. જિજ્ઞાસુઓએ તે જોઇ લેવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્યો હોવા છતાં વિક્રમ સંવત ૪૧૪ માં મલ્લવાદીએ બૌદ્ધો ઉપર વિજય મેળવ્યાની હકીકતને કશી બાધા પહોંચતી નથી.

સાથેના શ્રી આયંગરના લેખમાં ઇ. સ. ૫ મી શતાબ્દીનું દિગ્નાગનું જે અસ્તિત્વ જણાવવામાં આવ્યું છે તે વિદ્વાનોએ આજસુધી કરેલા સ્થૂલ સંશોધનને આધારે હોવાથી સંભાવના માત્ર છે. એ સ્થૂલ અનુમાનો એવાં છે કે દિગ્નાગના સમયને પાંચમી શતાબ્દીથી સો-દોઢસો વર્ષ પૂર્વે ખુશીથી લઇ જઇ શકાય તેમ છે.

सं० २००८,
श्रावण शुक्ल पंचमी,
मु. येवला [जिल्ला–नाशिक]

—मुनिराजश्री भुवनविजयान्तेवासी
मुनि जम्बूविजय.

Bhartṛhari and Dinnāga*

By H. R. Rangaswamy Iyengar.

The date of the great grammarian Bhartṛhari, author of the Vākyapadiya, which is regarded as a landmark in the literary history of India in as much as it forms the basis for determining the dates of several Sanskrit authors,[1] has been determined so far on the statements of Itsing in his, "Record of Buddhist religion". The Chinese traveller has recorded that Bhartṛhari was a great grammarian, whose fame had spread all over India, that he was the author of the three works Vākyapadīya, the commentary on the Mahabhastya and another work, Peina, (which may perhaps be the Prakirna Kanda or the third and last chapter of the Vākyapadīya), and that he died in about 650 A. D. i. e., forty years before the date of his record.[2] The accuracy with which Itsing has reported other contemporary events as well as about the extent of the Vākypadīya itself has led scholars to assign Bhartrhari to the seventh century A. D.

* Read at the 15th session of the All India Oriental Conference.

I Cf. "A Record of the Buddhist Religion," by I-tsing translated into English by J. Takakusu. P. xv—

"The most important of all the dates given by I-tsing are those of Bhartrhari, Jayāditya, and their contemporaries. They serve as a rallying-point for a number of literary men belonging to what I called the 'Renaissance period of Sanskrit literature."

2 *Ibid* PP. LVII and PP. 178-180.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

But new evidences which have come to light, completely falsify the statement of Itsing and push back the date of Bhartrhari to the 5th century A. D.[3]

In the second Kānda of the Vākyapadīya, while describing how the science of grammar, which had been almost extinct, was restored and propagated by the great grammarians, Chandra and Vasurāta, Punyarāja, the commentator of the Vākyapadīya, mentions several times Vasurāta as the teacher of Bhartrhari[4] In the Kārikā 490 of the Vākyapadīya[5] Bhartrhari himself seems to refer to his teacher Vasurāta by, 'Guruṇā' as is evident from the words of Punyarāja prefaced to the verse.[6] Again a Jain writer Simhasūrigani, who may be assigned to the beginning of the 6th century A. D., in his unpublished work, Nayacakratīka,[7] a commentary on the Nayacakra of Mallavādin the senior[8], which is not now extant, mentions, twice in his work, Vasurāta the Upādhyāya of Bhartrhari.[9] This confirms the statement of

3 See.—I-tsing and Bhartrhari's Vākyapdiya; By Dr. Kunhan Raja contributed to the Krishnaswamy Iyengar Memorial Volume. (pp. 285-298).

4 See the comment of Punyarāja on Kārikā 486 of Kānda II :—न तेनास्मद्गुरोस्तत्रभवतोर्वसुरातादन्यः कश्चिदिमं भाष्यार्णवमवगाहितुमलमित्युक्तं भवति । See Ibid II. 489 :—

केनचिच्च ब्रह्मरक्षसानीय चन्द्राचार्यवसुरातगुरुप्रभृतीनां दत्त इति । तैः खलु यथावत् व्याकरणस्य स्वरूपं तत उपलभ्य सततं च शिष्याणां व्याख्याय बहुशाखित्वं नीतो विस्तरं प्रापित इत्यनुश्रूयते ।

5 cf. II. 490b :—प्रणीतो गुरुणास्माकमयमागमसंग्रहः ।

6 cf. : Ibid :—अथ कदाचित् योगतो विचार्य तत्रभगवता वसुरातगुरुणा ममायमागमः संज्ञाय वात्सल्यात् प्रणीत इति स्वरचितस्य ग्रन्थस्य गुरुपूर्वकमभिधातुमाह

7 I am deeply grateful to sri Jambu Vijayaswami, Talegaon-(Poona) for kindly lending a manuscript copy of this important work for my study.

8 Mallavadin, author of Dvādasāranayacakra should be distinguished from another Jaina writer of the same name who is the author of Nyayabindutika-Tippanu.

9 cf. Nayacakratīkā folio 272a—

सोऽभिजल्पोऽभिधेयार्थपरिग्राही बाह्याच्छब्दादन्य इति भर्तृहर्यादिमतम् । वसुरातस्य भर्तृहर्युपाध्यायस्य मतं तु....

cf. Ibid folio 277a–एवं तावत् भर्तृहर्यादिदर्शनमुक्तम् । वसुरातः भर्तृहरेरुपाध्यायः

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Punyarāja and establishes that Vasurāta was a great grammarian of the day under whom Bhartrhari studied and that Bhartrhari often held views quite different from those of his master.

According to Paramārtha, Vasurāta was a Brahmin and brother-in-law of Balāditya, a pupil of Vasubandhu.[10] He was well-versed in grammar. He defeated Vasubandhu, through the intervention of Chandra, another great grammarian. This means that Vasurāta, Chandra, and Vasubandhu should be regarded as contemporaries and Bhaṛtrhari, the pupil of Vasurāta, assigned to the 5th century A. D.

Another important piece of evidence, which I have discovered in my study of the Pramāna Samuccaya of Dinnāga, lends support to this view. In the fifth chapter of this work, which is devoted to the exposition of the Apoha theory of Dinnāga, the following two Kārikās are found, which may be rendered into Sanskrit[11] as given below.

Thigs-pa-dan. ni. tshogs. pa-yi,
chu. sogs. rnams, la. rjod byed-ni ι
grans dan. tshad. dan. dbyibs. rnams la
ltos. pa. med. par. I jug. par. byed ιι
deyibs. dan. kha. dog. yan. lag. rnams
khyad. par can. lagaṅ. I jug. pa.
de. yi. yantag. la sgra-ni
rah tu. I jug. la. dun asma yin.

They are only Tibetan rendering of the two Kārikās occurring in the second Kānda of the Vākyapadīya of Bhartrhari.[12] This means that either Dinnāga took the Kārikās from Bhartrhari's work or both Dinnāga and Bhartrhari took them from quite a different work. But there is no evidence to support the latter alternative. We learn from

10 cf. "A study of Paramārtha's life of Vasubandhu and the Date of Vasubandhu" by J. Takakusu J. R A. S. 1905. pp. 33ff.

11 The two Kārikās may be restored into sanskrit as :—

1) बिन्दौ च समुदाये च वाचकः सलिलादिषु । संख्याप्रमाणसंस्थाननिरपेक्षः प्रवर्तते ।

2) संस्थानवर्णावयवैर्विशिष्टे यः प्रयुज्यते । शब्दो न तस्यावयवे प्रवृत्तिरुपलभ्यते ।

12 cf. Kārikās. II. 160 and 157.— Benares. Edition. pp. 144-145.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Jinendra-Buddhi, author of Visālāmalatikā on[13] the Pramāna Samuccayavrtti of Dinnāga, that Dinnāga, is here referring to the views of Bhartrhari. This evidently supports the former alternative that Dinnāga is quoting from Bharthari.

Now if Dinnāga, a famous Buddhist logician of the 5th century A. D. quotes from the Vākyapadīya, how can we assign Bharthari to the 7th century A. D.? We have only to conclude that Bharthari, the author of the Vākyapadīya lived in the 5th century A. D. and that the statement of Itsing that Bhartrhari died some forty years before the date of his record is incorrect.

ભર્તૃહરિ અને દિઙ્નાગ.

(મૂળ લેખક એસ. આર. રંગાસ્વામી આયંગરના અંગ્રેજી લેખનો શબ્દશઃ અનુવાદ.)

જે " વાક્યપ્રદીય " ગ્રંથ કેટલાક સંસ્કૃત ગ્રન્થકર્તાઓનો[૧] સમય નક્કી કરવા માટે આધારભૂત ગણાતો હોવાથી ભારતીય સાહિત્યના ઇતિહાસમાં " સીમાચિન્હ " તરીકે ગણાય છે, તે ગ્રંથના કર્ત્તા મહાન વ્યાકરણાચાર્ય ભર્તૃહરિનો સમય ઇત્સિંગના " Record of Buddhist religion " ના વિધાનો ઉપરથી નક્કી કરવામાં આવે છે. ચીની પ્રવાસીએ જણાવ્યું છે કે ભર્તૃહરિ એક મહાન વ્યાકરણાચાર્ય હતા કે જેની ભારતમાં સર્વત્ર કીર્તિ પ્રસરી રહી હતી અને વાક્યપ્રદીય મહાભાષ્ય ઉપરથી ટીકા અને પેઇના (કે જે કદાચ વાક્યપ્રદીય ગ્રંથનું ત્રીજું અને છેલ્લું પ્રકરણ અથવા પ્રકીર્ણ કાંડ હોઇ શકે) આ ત્રણે ગ્રંથોના કર્ત્તા હતા, અને તેઓ આશરે ઇ. સ.[૨] ૬૫૦માં સ્વર્ગવાસી થયા. જે ચોકસાઇથી ઇત્સિંગે સમકાલીન બનાવો તેમજ " વાક્યપ્રદીય "ના સમયની નોંધ લીધી છે તે ઉપરથી વિદ્વાનોએ ભર્તૃહરિનો સમય ઇ. સ. સાતમા સૈકાનો નક્કી કરેલ છે.

---

13 cf. Visālāmalatīkā : Mdo. re folio 33lb. line 6ff : Kha. cig. tu gtso. bor. cha tshas rnams la.' jug. te l bha. rite. ha. ris. yis smras. pa 1 cha. sogs. rnams la zes pai sogs pai sgras. sa la. yons su gzun no. 1 **क्वचित्तु मुख्या अवयवेषु वृत्तिः। यथोक्तं भर्तृहरिणा सलिलादिष्विति आदिशब्देन पृथिव्यादीनां परिग्रहः।**

૧. સરખાવો. " A record of the Buddhist Religion " કર્ત્તા ઇત્સિંગ–અંગ્રેજી અનુવાદ કરનાર જે. ટાકાકુશુ. પ્રસ્તાવના પાનું ૧૫. ઇત્સિંગે આપેલી બધી તવારીખોમાં સૌથી અગત્યની ભર્તૃહરિ, જયાદિત્ય અને તેના સમકાલીનોની છે. આ બધી તવારીખો જે સમયને હું સંસ્કૃત સાહિત્યના પુનરુત્થાનનો કાળ ગણું છે તે નક્કી કરવામાં બહુ અગત્યની છે.

૨. જુઓ તેજ પુસ્તકઃ પ્રસ્તાવના પાનું ૫૭ અને પુસ્તકના પાના ૧૭૮ થી ૧૮૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરંતુ જે નવા પ્રમાણો પ્રકાશમાં આવ્યાં છે તે ઇત્સિંગનું વિધાન સર્વાંશે ખોટું પાડે છે અને ભર્તૃહરિનો સમય ઇ. સ. પાંચમા સૈકાનો ઠરાવે છે.[૩]

"વાકયપ્રદીપ" ના બીજા કાંડમાં જે વ્યાકરણ શાસ્ત્ર લગભગ મૃતપ્રાયઃ દશામાં આવી ગયું હતું તેને મહાન વ્યાકરણાચાર્યો **ચંદ્ર અને વસુરાત, પુણ્યરાજ** (વાકયપ્રદીપના ટીકાકાર) વગેરેએ કેવી રીતે પુનર્જીવન આપીને પ્રચાર[૪] કર્યો તેનું વર્ણન કરતી વખતે **વસુરાત**ના નામનો ભર્તૃહરિના ગુરુ તરીકે કેટલીયે વાર ઉલ્લેખ આવે છે. "વાકયપ્રદીય"ની[૫] ૪૯૦ની કારિકામાં ભર્તૃહરિ પોતે વસુરાતને **ગુરુણા** એ શબ્દ લખીને તેનો ગુરુ તરીકે ઉલ્લેખ કરતા હોય તેમ લાગે છે જે પુણ્યરાજે[૬] લખેલી શ્લોક ઉપરની પ્રસ્તાવનાના શબ્દોથી સિદ્ધ થાય છે. આ સિવાય એક જૈન લેખક **સિંહસૂરિગણી** કે જેઓ ઇ. સ. છઠ્ઠા સૈકાની શરૂઆતમાં થયા હોય તેઓ પોતાના "ન્યાયચક્રટીકા"[૭] નામના અપ્રસિદ્ધ ગ્રંથમાં (પુરોગામી મલ્લવાદીના[૮] નયચક્રની ટીકા જે હાલમાં અપ્રાપ્ય છે) વસુરાતના નામનો ભર્તૃહરિના [૯]ઉપાધ્યાયનો બે વખત ઉલ્લેખ કરે છે. આ હકીકત પુણ્યરાજના વિધાનને સમર્થન આપે છે અને સિદ્ધ કરે છે કે વસુરાત તે યુગના મહાન વ્યાકરણાચાર્ય હતા જેની નીચે ભર્તૃહરિએ અભ્યાસ કર્યો અને ભર્તૃહરિ પોતાના ગુરુથી ઘણીવાર જુદા મંતવ્યો ધરાવતા હતા.

પરમારથ નામના લેખકના મત પ્રમાણે વસુરાત બ્રાહ્મણ હતા અને વસુબન્ધુના શિષ્ય[૧૦]

---

૩. જુઓ:-કૃષ્ણસ્વામી આયંગર મેમોરીઅલ વૉલ્યુમમાં છપાયેલ ડૉ. સી. કુનન રાજાનો લેખ: ઇત્સિંગ ને ભર્તૃહરિનું "વાકય-પ્રદીય."

૪. દ્વિતીય કાંડની ૪૮૬ મી કારિકા ઉપર પુણ્યરાજની વ્યાખ્યા न तेनास्मद्गुरोस्तत्रभवतार्वसुरातादन्यः कश्चिदिमं भाष्यार्णवमवगाहितुमलमित्युक्तं भवति ॥ જુઓ તેજ પુસ્તકની ૪૮૯ મી કારિકા:—

केर्नाचच्च ब्रह्मरक्षसानीय चन्द्राचार्यवसुरातगुरुप्रमृतीनां दत्त इति । तैः खलु यथावत् व्याकरणस्य स्वरूपं तत उपलभ्य सततं च शिष्याणां व्याख्याय बहुशाखित्वं नीतो विस्तरं प्रापित इत्यनुश्रीयते ।

૫ ફરીવાર સરખાવો ૪૯૦ ब.

प्रणीतो गुरुणास्माकमयमागमसंग्रहः ।

સરખાવો:—अथ कदाचिद् योगतो विचार्य तत्रभगवता वसुरातगुरुणा ममायमागमः संज्ञाय वात्सल्यात् प्रणीत इति स्वरचितस्य ग्रन्थस्य गुरुपूर्वकमभिधातुमाह ।

૭ તળેગામવાળા મુનિશ્રી જંબૂવિજયજીસ્વામીનો મારા અભ્યાસ માટે આ અગત્યના પુસ્તકની પ્રત કૃપા કરીને મોકલવા માટે હું ઘણો જ આભારી છું.

૮ "દ્વાદશારનયચક્ર" ના કર્તા મલ્લવાદી એ જ નામના બીજા મલ્લવાદી કે જે "ન્યાયબિન્દુ ટીકા ટીપ્પણી"ના કર્તા છે તેનાથી તે જુદા છે.

૯ જુઓ નયચક્ર ટીકા ફોલીયો. ૨૭૨ अ

सोऽभिजल्पोऽभिधेयार्थ परिग्राही बाह्याच्छब्दादन्य इति भर्तृहर्यादिमतम् ।

वसुरातस्य भर्तृहर्युपाध्यायस्य मतं तु.................

૧૦ સરખાવો:—જનરલ ઑફ ધી રોયલ એશીયાટીક સોસાયટી પૃષ્ઠ ૩૩ (ઇ. સ. ૧૯૦૫)માં છાપેલ. જે ટીકાકુશુનો લેખ:—A study of Paramārtha's life of Vasubandhu and the date of Vasubandhu.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાલાદિત્યના બનેવી હતા. તેઓ વ્યાકરણમાં નિષ્ણાત હતા, અને બીજા એક ચંદ્ર નામના મહાન વ્યાકરણાચાર્યની દરમિયાનગીરીથી વસુબન્ધુને પરાજિત કર્યા હતા. આનો અર્થ એ થાય છે કે વસુરાત, ચંદ્ર અને વસુબન્ધુને સમકાલીન ગણવા જોઇએ, અને વસુરાતના શિષ્ય ભર્તૃહરિ પાંચમા સૈકામાં થઇ ગયા તેમ પણ કહી શકાય.

એક બીજું અગત્યનું પ્રમાણ કે જે મેં દિઙ્નાગના પ્રમાણસમુચ્ચયનો અભ્યાસ કરતાં કરતાં શોધી કાઢયું છે તે આ મતને સમર્થન આપે છે. આ ગ્રંથનું પાંચમું પ્રકરણ જેની અંદર દિઙ્નાગનો "અપોહસિદ્ધાંત" સમજાવવામાં આવ્યો છે, તેમાં નીચેની બે કારિકાઓ જડી આવે છે જેનું સંસ્કૃત[11] નીચે મુજબ છે.

(१) बिन्दौ च समुदाये च वाचकः सलिलादिषु । संख्याप्रमाणसंस्थाननिरपेक्षः प्रवर्तते ।

(२) संस्थानवर्णावयवैर्विशिष्टे यः प्रयुज्यते । शब्दो न तस्यावयवे प्रवृत्तिरुपलभ्यते ।

ભર્તૃહરિના "વાકયપ્રદીય"ના[12] બીજા કાંડમાં આવતી બે કારિકાઓનું ટિબેટન ભાષાનું ભાષાંતર છે. આ બતાવે છે કે કાં તો દિઙ્નાગે કારિકાઓ ભર્તૃહરિના ગ્રંથમાંથી લીધી અથવા તો દિઙ્નાગ અને ભર્તૃહરિ બન્નેએ કોઇ બીજા જ ગ્રંથમાંથી તફડાવી પણ બીજા વિધાનના સમર્થનમાં કોઇ પણ જાતનું પ્રમાણ નથી. આપણે દિઙ્નાગના "પ્રમાણસમુચ્ચયવૃત્તિ"ના ટીકાકાર જિનેન્દ્રબુદ્ધિના[13] ગ્રંથ ઉપરથી જાણીએ છીએ કે દિઙ્નાગ અહિંઆ ભર્તૃહરિના વિચારો જણાવે છે. આથી સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે કે દિઙ્નાગે ભર્તૃહરિના ગ્રંથમાંથી તે બન્ને કારિકાઓ ઉદ્ધૃત કરી છે. હવે જો ઇ. સ. પાંચમા સૈકાના સુપ્રસિદ્ધ બૌદ્ધ તર્કશાસ્ત્રી દિઙ્નાગે "વાકયપ્રદીય"માંથી તે કારિકાઓ ઉદ્ધૃત કરી હોય તો ભર્તૃહરિ ઇ. સ. સાતમા સૈકામાં થઇ ગયા એમ કેમ કહી શકાય ? આપણે તો એટલું જ નક્કી કરવાનું છે કે "વાકયપ્રદીપ"ના કર્તા ભર્તૃહરિ ઇ. સ. પાંચમા સૈકામાં થઇ ગયા અને ભર્તૃહરિ સંબંધી ઇત્સિંગનું વિધાન સત્યથી વેગળું છે.

---

૧૧ આ બે કારિકાઓનું આ પ્રમાણે સંસ્કૃત રૂપાંતર થઇ શકે છેઃ—

(१) बिन्दौ.......................................प्रवर्तते ।

(२) संस्थानं....................................उपलभ्यते ।

૧૨. સરખાવો કારિકાઓઃ—દ્વિતીય કાંડ ૧૬૦ અને ૧૫૭:- બનારસ આવૃત્તિ, પૃષ્ઠો ૧૪૪-૧૪૫.

૧૩. સરખાવોઃ—"વિશાલામલવતી" નામની ટીકા, જુઓ ફોલીયો ૩૩૬ ब. લીટી ૭ અને તેથી આગળ.

क्वचित्तु मुख्या अवयवेषु वृत्तिः । यथोक्तं भर्तृहरिणा ।
सलिलादिष्विति आदिशब्देन पृथिव्यादीनां परिग्रहः ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વલ્લભ-વાણી

પૂજ્યપાદ યુગવીર આચાર્યદેવ પંજાબકેસરી શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની ઉપદેશામૃત વર્ષામાંથી તારવી કાઢેલા અમૃતબિંદુઓ

તારવી કાઢનાર નવીનચંદ્ર ભોગીલાલ-મુંબઈ.

(૧) આપણા સમાજની ભરચક ખામીઓ છે. તે દૂર કરવા માટે બધા જ માણસો ખૂબ કામ કરવા તૈયાર બનો. "ફલાણો" કામ કરે છે, એમ વિચાર કરી આળસુ ન બનો, પણ બધા એક થઈ કામ કરવા મંડી પડો. ફુરસદ નથી એમ ન કહો. કારણ નવરાશ તો મર્યા વિના આવવાની નથી, માટે જીવતાં પહેલાં એક બીજાને મદદ કરવા તૈયાર બનો. સાધુ ને શ્રાવકોનો વિચાર એક કરો. અભિમાન છોડી દો ને કામ કરવા એક થાઓ. પછી જુઓ કે કોઈ કામ એવું છે કે તમારા સર્વના સહકારથી ન બને. તમારા વિચારો કાર્યમાં પરિણમશે ત્યારે જ જૈન સમાજની ઉન્નતિ થશે !

× × ×

(૨) ક્રોધ, માન, માયા, લોભરૂપી ચંડાલ ચોકડી આપણા આત્મામાં હોય ત્યાંસુધી આત્માનું કલ્યાણ થતું નથી, પણ તેને બદલે આ ચાર સજ્જન જોડે મિત્રતા કરો. ક્રોધને બદલે ક્ષમા, માનને બદલે નમ્રતા, માયાને બદલે સરળતા, લોભને બદલે સંતોષને તમારા જીવનમાં ઉતારો, તો આ ચાર સજ્જન મિત્રોના સંબંધથી ઉપરની ચંડાલ ચોકડી ભાગી જશે.

—:કામ કરો:—

(૩) તમે મહાવીરના સંતાન છો. વારસદાર છો. જે શક્તિવડે મહાવીરે જગતનું કલ્યાણ કર્યું તે આજે પણ જગતનું કલ્યાણ કર્યે જ જાય છે. તે શક્તિ વારસામાં તમને મળેલી છે. તે શક્તિ તમારામાં છે, માટે તે શક્તિવડે કામ કરવા મંડી પડો. એક એક ભાઈ, એક એક બહેન પોતાની શક્તિ અનુસાર કામ કરવા તૈયાર બનો. જેમ તમો બીજાને બનાવવા માગો છો તેમ તમે પ્રથમ બની જાઓ ને ઘડીયાળની માફક જરાય પણ થોભ્યા વિના કામ કર્યા કરો. 'હિંમતે મર્દા તો મદદે ખુદા.' તમે હિંમત રાખશો તો તમને આપોઆપ મદદ મળી આવશે. ને બીજાની મદદ મળતા બે એકડા મળી બે એકડે અગીઆર જેટલી તમારી તાકાત વધશે.

× × ×

—:ધર્મનો પ્રચાર કરો:—

(૪) પ્રભુએ પોતાના જ્ઞાનવડે કહ્યું કે 'જેમ મનુષ્યમાં સુખની દુઃખની ઈચ્છા થાય છે તેમ વનસ્પતિમાં પણ તેવી ઇચ્છાઓ થાય છે ને વનસ્પતિમાં જીવ છે.' પ્રથમ તો દુનિયાના અમુક લોકોએ આ વસ્તુ પ્રત્યક્ષ ન મેળવી ન માની, પણ જયારે જગદીશચંદ્ર બોઝે યંત્રદ્વારા વનસ્પતિમાં જીવ છે. તે યંત્રોદ્વારા લોકોને દેખાડયું ત્યારે જ જૈન શાસ્ત્રના સિદ્ધાંતમાં લોકોને વધુ વિશ્વાસ બેઠો, માટે ભાગ્યવાન પુરૂષોએ શોધખોળ કરી શાસ્ત્રોના વચનો સિદ્ધ કરી લોકોને શાસ્ત્રની સત્યતા બતાવવી જોઇએ. ને એવા શોધખોળ કરનારને સંઘે દરેક પ્રકારની મદદ આપવી જોઇએ ને તો જ ધર્મનો વધુ પ્રચાર થશે.

× × ×

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી સિદ્ધસેન દિવાકરની કૃતિઓ.

અભ્યાસ માટેના સાધનો.

(લેખક:—પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિઆ એમ. એ.)

(ગતાંક પૃષ્ઠ ૧૫૦ થી શરૂ)

"ભારતીય વિદ્યા" નો તૃતીય ભાગ "સ્વ. બાબૂ શ્રી બહાદુરસિંહજી સિંઘી સ્મૃતિ ગ્રંથ" તરીકે ઇ. સ. ૧૯૪૫ માં છપાયો છે. એમાં પં. સુખલાલનો "પ્રતિભામૂર્તિ સિદ્ધસેન દિવાકર" નામનો એક લેખ છે. એમાં પ્રસંગવશાત્ એમણે પાંચમી દ્વાત્રિંશિકાનાં ૧૦–૧૨ પદ્યો આપી એના સંતુલનાર્થે અશ્વઘોષકૃત બુદ્ધચરિત (સ ૮) ના શ્લો. ૨૦–૨૨ તેમજ કાલિદાસકૃત કુમારસંભવ–(સ. ૭) માંથી શ્લો. ૫૬, ૫૯ અને ૬૨ ઉદ્ધૃત કર્યા છે. પ્રથમ દ્વાત્રિંશિકાનાં પહેલાં ત્રણ પદ્યો રજૂ કરી એમણે એમ કહ્યું છે કે સ્તુતિનો પ્રારંભ ઉપનિષદ્‌ની ભાષા અને પરિભાષામાં વિરોધાલંકાર-ગર્ભિત છે. બીજી દ્વાત્રિંશિકાનું ત્રેવીસમું પદ્ય આપી એમણે એમ સૂચવ્યું છે કે આમાં સાંખ્ય પરિભાષા–દ્વારા વિરોધાભાસગર્ભિત સ્તુતિ છે.

ત્રીજી દ્વાત્રિંશિકાનું આઠમું પદ્ય આપી એમાં શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં ભિન્ન ભિન્ન કારણવાદોના સમન્વયદ્વારા વીરનું લોકોત્તરત્વ સૂચવાયું છે એમ એમણે કહ્યું છે.

ચોથી દ્વાત્રિંશિકાનું ત્રીજું પદ્ય આપી એ ઇન્દ્ર અને સૂર્યથી વીરનું લોકોત્તરત્વ દર્શાવે છે એમ એમણે કહ્યું છે.

આનું સાતમું પદ્ય આપી વ્યતિરેકદ્વારા સ્તુતિ કરાયાનો નમૂનો રજૂ કરાયો છે.

એના પંદરમા પદ્યમાં સરિતા અને સમુદ્રની ઉપમાદ્વારા પ્રભુમાં સર્વ દૃષ્ટિઓના અસ્તિત્વનું

—: ખરૂં સ્વામિ વાત્સલ્ય :—

(૫) માંડવગઢ નામે શહેરમાં એક લાખ જૈન વસતા હતા. જે કોઇ જરૂરિયાતવાળો સ્વામીભાઇ જૈન ત્યાં રહેવા આવે તેને તે દરેક જણ એક એક સોનામહોર અને બે બે ઇંટ આપતા જેથી બહારથી આવનાર જૈન પાસે એક લાખ સોનામહોરો ભેગી થતા તેમાં તેનું ઘર પણ બની જતું. તે તે જૈન તેમના જેવો જ સુખી થતો. તે પ્રમાણે તમે પણ તમારા દુઃખી સ્વામીભાઈને દરેક પ્રકારે તન, મન, ધનથી મદદ કરી તેને તમારા જેવો સુખી બનાવો ને આપણા સ્વામીભાઇને સુખી બનાવવો તે જ "ખરૂં સ્વામી વાત્સલ્ય" છે. જેથી ધર્મમાં સ્થિર રહે.

× × ×

—: સ્વામીભાઇને મદદ કરો :—

(૬) તમારી પાસે ધન હોય તો ધન આપીને. અન્ન હોય તો અન્ન આપીને. રહેવાના સ્થળ હોય તો રહેવાનું સ્થળ આપીને. તમારા સીજાતા સ્વામીભાઇઓને તમારા જેવા બનાવવા માટે પુરૂષાર્થ કરો. જો શ્રાવક નામના ક્ષેત્રને મજબુત કરશો તો જ સાતે ક્ષેત્રોની બરાબર રક્ષા થશે.

× × ×

—: મુંબઈ સંઘને મારી સલાહ :—

(૭) આ મુંબઇ નગરીમાં ઘણા ધનવાનો છે. તો મુંબઇ સંઘની ફરજ છે કે કોઇ કામ એવું હાથમાં લો જેથી તમારા સાધર્મી ભાઇઓને શુદ્ધ ખોરાક ખાવાની સગવડતા મળે ને ઉભા રહેવા માટે સગવડતા મળે તે માટે નીચે ભોજનશાળા ને ઉપર ધર્મશાળા બને તેવા મકાનની વ્યવસ્થા કરો. પૈસા તો કામ કરનારને મળી જશે. માટે આ સાધર્મીવાત્સલ્યનું કામ કરી તમારા મુંબઇના સંઘની શોભા વધારો.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કથન કરાયું છે તે અનેકાંતવાદની જડ છે એમ અહીં કહ્યું છે.

૨૬ મું પદ્ય આપી વિભાગના અને વિશેષોક્તિ દ્વારા આત્મા સંબંધી જૈન વક્તવ્ય રજૂ કરાયું છે એમ કહ્યું છે. છઠ્ઠી [1]દ્વાત્રિંશિકાના શ્લો. ૧, ૩–૮ અને ૨૮ રજૂ કરી એનો ભાવાનુવાદ અપાયો છે. આઠમી દ્વાત્રિંશિકાના શ્લો. ૧ અને ૭ ઉદ્ધૃત કરી એનો ભાવ સમજાવાયો છે.

અંતમાં [2]નવમી દ્વાત્રિંશિકા સંપૂર્ણતયા અપાઇ [3]છે. આ લેખ દ્વારા પં. સુખલાલે સિદ્ધસેન દિવાકરનો આદ્ય જૈન તાર્કિક, આદ્ય જૈન કવિ અને આદ્ય જૈન સ્તુતિકાર, આદ્ય જૈન વાદી, આદ્ય જૈન દાર્શનિક અને આદ્ય સર્વ–દર્શનસંગ્રાહક તરીકે નિર્દેશ કર્યો છે. અને એવા સમર્થનાર્થે દ્વાત્રિંશિકાઓનો ઉપયોગ કર્યો છે.

અગિયારમી દ્વાત્રિંશિકા વિષે એમણે કહ્યું છે કે–કોઈ પરાક્રમી અને વિજેતા નૃપતિના ગુણોની સમગ્ર સ્તુતિરૂપ આ દ્વાત્રિંશિકા લોકોત્તર કવિત્વપૂર્ણ છે. આમ કથન કરી એમણે ઉદાહરણાર્થે આનું ત્રીજું પદ્ય ઉદ્ધૃત કર્યું છે.

"ભારતીય વિદ્યા"ના ઉપર્યુક્ત ત્રીજા ભાગની અનુક્રમણિકામાં "અનુપૂર્તિ" તરીકે "સિદ્ધસેન દિવાકરકૃત વેદવાદદ્વાત્રિંશિકા વિવેચક–અધ્યાપક પં. સુખલાલજી એવો ઉલ્લેખ છે, પરંતુ એમાં આ દ્વાત્રિંશિકા કે વિવેચન નથી. તેમ છતાં એ બાબતની નોંધ જિનવિજયજીએ લીધી નથી

ગૂઢ અને ગંભીર અર્થથી પરિપૂર્ણ એવી નવમી દ્વાત્રિંશિકામાં મુખ્યતયા સાંખ્ય–યોગના તત્ત્વજ્ઞાનનો ઉપયોગ કરી બ્રહ્મ યાને ઔપનિષદ પુરુષનું વર્ણન છે. આ દ્વાત્રિંશિકાની રચનામાં 'પાશુપત' સંપ્રદાયના અનુસરણરૂપ શ્વેતાશ્વર ઉપનિષદ્નો તેમજ પૌરાણિક ત્રિમૂર્તિવાદનો પણ પ્રભાવ જોવાય છે, પ્રથમ છપાયેલી આ દ્વાત્રિંશિકામાં અશુદ્ધ પાઠો છે એમ માની પોતાની બુદ્ધિ અનુસાર એને સુધારી અને મૂળ પાઠોને ટિપ્પણમાં સ્થાન આપી સમગ્ર [1]દ્વાત્રિંશિકા હિંદી [2]વિવેચન સહિત પં. સુખલાલે ઉપસ્થિત કરી છે. આમાં મુદ્રણદોષો જોવાય છે. દા. ત. જુઓ શ્લો. ૩, ૧૦ વિવેચનમાં પૃ. ૪૦૫ માં મનને બદલે મુખ છે તે ભૂલ છે.

આ દ્વાત્રિંશિકામાં વિરોધાભાસનો પુષ્કળ ઉપયોગ કરાયો છે. એમાં વૈદિક ભાષા અને ઉપનિષદોનાં રૂપકો ડગલે ને પગલે જોવાય છે. (ચાલુ)

---

૧ આ દ્વાત્રિંશિકા એ માલવિકાગ્નિમિત્રના નિમ્ન લિખિત પદ્યના ભાષ્યની ગરજ સારે છે:—

पुराणमित्येव न साधु सर्वं,
न चापि काव्यं नवमित्यवद्यम्।
सन्तः परीक्ष्यान्यतरद् भवन्ते,
मूढः पर प्रत्ययनेयबुद्धिः॥

૨ આને અંગે પં. સુખલાલે કહ્યું છે કે–આજ બત્રીસીમાં પ્રાચીન સર્વે ઉપનિષદો અને ગીતાના સાર વૈદિક અને ઔપનિષદ ભાષામાં જ શાબ્દિક અને આર્થિક અલંકારથી યુક્ત ચમત્કારકારિણી સરણીમાં રજૂ કરાયો છે. આવું કાર્ય કોઇ બીજા એકલાએ કર્યું હોય એમ જાણમાં નથી.

૩ આમ જે અહીં પદ્યો અપાયાં છે તે મુદ્રિત દ્વાત્રિંશિકાઓમાંથી લીધાં હોય એમ લાગે છે; કેમકે અન્ય કોઇ આધાર તરીકે કોઇ હાથપોથીનો નિર્દેશ નથી.

૧–૨ આ પ્રેમી–અભિનંદન ગ્રંથ (પૃ. ૩૮૪–૪૧૦) માં છપાએલ છે, અંતમાં "ગુજરાતીસે અનુવાદિત" એમ છપાયું છે એટલે આ ગુજરાતી લખાણનો હિંદી અનુવાદ છે એ ફલિત થાય છે, પરંતુ આ ગુજરાતી લખાણ કોઇ સ્થળે છપાયું છે ખરૂં અને હોય તો કયાં એ જાણવું બાકી રહે છે. "પ્રતિભામૂર્તિ સિદ્ધસેન દિવાકર" નામનો પં. સુખલાલનો લેખ અહીં પૃ. ૩૭૭–૩૮૩ માં હિંદીમાં છપાયો છે પરંતુ એ પૂર્વોક્ત એમનો હિંદી લેખ મોટે ભાગે પુનર્મુદ્રણ છે છતાં એ જાતનો ઉલ્લેખ નથી. "જૈન તત્ત્વજ્ઞાન" નામનો એમનો જે લેખ હિંદીમાં પૃ. ૨૯૫–૩૦૨ માં છપાયો છે તેના અંતમાં તો "ગુજરાતીસે અનુવાદિત" એવો ઉલ્લેખ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર્તમાન સમાચાર.

શહેર ભાવનગરમાં કૃપાળુ શ્રી વિજયકેશર-સૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય વિદ્વાન મુનિરાજ **શ્રી ભુવનવિજયજી મહારાજ** શ્રી સંઘની વિનંતિથી બિરાજમાન છે. પ્રથમ ચૈત્ર માસની ઓળીમાં શ્રી સિદ્ધચક્રજી મહારાજ–શ્રી નવપદજી મહારાજનું આરાધન તેઓશ્રીના નેતૃત્વ નીચે અપૂર્વ આનંદ સાથે થયું હતું, તેજ રીતે આ ચાતુર્માસમાં વ્યાખ્યાનમાં પ્રશમરતિ અને મહાસતી મદનરેખા એ બે ગ્રંથો બહુ જ સુંદર રીતે, શ્રોતાઓને સચોટ અસર કરે તેમ વિદ્વત્તાપૂર્ણ રીતે વાંચે છે. એટલી બધી મેદની થાય છે કે મારવાડીનો વંડો સાંકડો પડે છે. (અસરકારક વ્યાખ્યાનનો તે પ્રભાવ છે.) દરમ્યાન પર્યુષણ આવતાં આ મહાપર્વમાં પણ અપૂર્વ આનંદ ઉત્સાહ સાથે પૂજ્ય કલ્પસૂત્રની વાંચના થઇ હતી. ઘણા ભાઇ બહેનોએ પર્યુષણ કર્તવ્યો અને માસખમણ વગેરેની અનેક તપસ્યાઓ કરી હતી. શેઠશ્રી ભોગીલાલભાઇ મગનલાલ મીલવાળાએ જેમને ઘેર તેમના સુપુત્ર રમણિકલાલભાઇના ધર્મપત્ની મધુકાન્તાબ્હેને અઠ્ઠાઇની તપસ્યા કરેલ હોવાથી તે નિમિત્તે તપસી ભાઇબ્હેનોને ભાદરવા શુદ ૫ ના રોજ રૂચિકર વસ્તુઓવડે પારણા કરાવી ભક્તિ કરી હતી અને ઘોડીયાપારણું ૧૨૫) મણુથી લઇ તેજ દિવસે વરઘોડો ઉત્સાહપૂર્વક ચડાવ્યો હતો. અને તેજ દિવસે (ઘણાજ આનંદપૂર્વક પર્યુષણ થયેલા હોવાથી) પાંચમના રોજ સલોત જગજીવનદાસ ફુલચંદના સુપુત્રો ભાઇ મોહનલાલ તથા નંદલાલે અને શાહ હરિચંદ કરસનજીના સુપુત્રો મનસુખલાલ વગેરેએ પોતાના પૂજ્ય પિતાની ભક્તિ નિમિત્તે સ્વામીવાત્સલ્ય કરી શ્રી સંઘની ભક્તિ કરી હતી. અને આ શ્રી સંઘની ભક્તિમાં શ્રી સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક શાંતિ જાળવી વ્યવસ્થા કરી હતી અને તે વખતે કલેકટર સાહેબે આવી આ સંઘભક્તિ જોઇ આનંદ વ્યક્ત કર્યો હતો.

સાક્ષરોત્તમ સાહિત્યસેવક વિદ્વાન પુરાતત્ત્વાચાર્ય શ્રીમાન જિનવિજયજી સાહેબની અનેકવિધ સાહિત્યસેવા જગજાહેર છે. જૈન સાહિત્ય, ઇતિહાસ અને પુરાતત્ત્વ એ તેઓશ્રીના ખાસ વિષયો હોવાથી ઉપયોગી એવું ઘણું સંશોધન કરી પ્રકાશન કરી ઘણો ઉપકાર કર્યો છે. તેઓશ્રીની આ સાહિત્યસેવાથી જર્મનીની ઓરીયેન્ટલ સોસાઇટીએ માનપૂર્વક સભ્ય નીમ્યા છે તે માટે આ સભા પોતાનો આનંદ વ્યક્ત કરે છે.

સ્વીકાર સમાલોચના.

દિવ્યદર્શન–પ્રવચન પત્રિકા.

પરમાત્મા તીર્થંકર ભગવંતોએ પોતાની સંસારતારણી દેશનામાં (આત્મ)દર્શનનું અનુપમ વર્ણન કર્યું છે. આ પંચમ આરાના પ્રાણીઓનું જડવાદ અને બીજા કારણોવડે સંસ્કૃતિમાંથી દૂર પળે જ્યાં અધઃપતન થઇ રહ્યું છે, તેવા સમયે વિદ્વાન ધર્મગુરુઓ જ પોતાના પ્રવચનદ્વારા શ્રી સર્વજ્ઞ દેવની વાણીના રહસ્યો સમજાવી **દિવ્યદર્શન** કરાવી શકે છે. વિદ્વાન મુનિવરો માત્ર જ્યાં બિરાજમાન હોય ત્યાં વ્યાખ્યાનદ્વારા તેવો ઉપકાર કરી શકે, પરંતુ તેવા વિદ્વાન મુનિવરોના તેવા વ્યાખ્યાનો આવી **પ્રવચન પત્રિકા**-દ્વારા પ્રકાશન કરી, હિંદના દરેક શહેરોમાં તે જાય તો મનનપૂર્વક જે પ્રાણીઓ વાંચે, વિચારે તેને જરૂર દિવ્ય–આત્મદર્શન થયા વગર રહે નહિં, આવો ઉપકારક પ્રયત્ન હાલમાં મુંબઇ લાલબાગ ઉપાશ્રયે ચાતુર્માસ બિરાજમાન શાંતમૂર્તિ સિદ્ધાંત મહોદધિ આચાર્ય **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજના વિદ્વાન શિષ્ય મુનિરાજ **શ્રી ભાનુવિજયજી મહારાજ** જેઓ કે વક્તા, લેખક અને વ્યાખ્યાતા છે, તેમના થતા પ્રવચનો સંગ્રહ કરી દર અઠવાડીયે પ્રવચન પત્રિકારૂપે તેની કમીટી તરફથી પ્રકાશન કરવાનો નિર્ણય થયો છે તે આવકારદાયક છે. તેઓશ્રીના પ્રવચનની પ્રથમ શ્રેણી દિવ્યદર્શનની પ્રથમ કોપી અમોને સમાલોચના માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભેટ મળી છે. જેમાં સંસાર તરવામાં વિલંબ શાથી? દિવ્યદર્શન કોને કહેવું, દિવ્યદર્શનના ત્રણ ભેદો, આત્મ-દર્શનમાં ૭ દર્શન તેનો પ્રભાવ, પોતાના દોષ કેમ જોવા? દેવ અને દાનવ દર્શનનું સ્વરૂપ તેના ઉપર ખંધકસૂરિનો મોક્ષમાં કેમ પ્રતિબંધ થયો, સ્વદોષ જોવાનો અભ્યાસ તે જ આરાધક કહેવાય આત્મ-નિરીક્ષણ કેમ કરવું, સ્વદોષ ભૂલેલ પોટ્ટિલા સ્રીને સાધ્વીજીએ અમરવાણીવડે કરાવેલું દુઃખનું નિદાન વગેરે વિષયો દિવ્યદર્શનના વિષયમાં પૂજ્ય ભાનુવિજયજી મહારાજે સાદી અને સરલ ભાષામાં સુંદર રીતે ચર્ચ્યો છે. લઘુ પત્રિકા હોવા છતાં પ્રાણીઓનું ખરું દિવ્ય–આત્મદર્શન–ભાન કરાવનાર છે. વિદ્વાન મુનિવરોના જ્ઞાનના પરિપાકવડે આપેલા વ્યાખ્યાન કે વક્તવ્ય આવી પ્રવચન પત્રિકાદ્વારા પ્રકાશન કરી દરેક શહેર ગામેમાં મોકલતાં ઘણો ઉપકાર થાય અને પ્રાણીઓ પોતાના દોષ દર્શન જોઇ આત્મદર્શન કરતાં શીખે જ એમ અમો માનીએ છીએ. અમો આ પત્રિકાની પ્રગતિ ઇચ્છીએ છીએ.

૨ જિનવાણી—લેખક શ્રી હરિસત્ય ભટ્ટાચાર્યજી ઇંગ્રેજીમાં લખેલ તેનો ગુજરાતી ભાષામાં અનુવાદ ગુજરાતી અનુવાદ ભાઇ સુશીલે કર્યો હતો. ઘણા વર્ષો પહેલાં પ્રકટ થયેલ હતો, પરંતુ મારવાડ, બંગાલ, પંજાબ વગેરે પ્રાંતોમાંના જૈન બંધુઓ આ હિંદી ભાષાના અનુવાદથી સારો લાભ લઈ શકશે. તેવા આશયથી અનુવાદક વૈદ્ય ગોપીનાથ ગુપ્તે કરેલ છે. શ્રી ચારિત્રસ્મારક ગ્રંથમાલાના ૪૯ મા પુષ્પ તરીકે તેમના સુશિષ્યો મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજ ત્રિપુટીઓએ પ્રકાશન કરી ગુરુભક્તિ કરી છે. આ ગ્રંથ જૈનધર્મી ન હોય તેવાઓને જૈનધર્મનો મર્મ સમજવા એક ઉપયોગી વસ્તુ બની છે આ ગ્રંથમાં સાથે કર્મવાદ, ભગવાન પાર્શ્વનાથ, મહામેઘવાહન ખારવેલ એ ચાર લેખોનો વધારો કર્યો છે. પ્રકાશક શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાલા મૂલ્ય અઢીરૂપીયા.

૩ શ્રી દેશના ચિંતામણિ ભાગ–૩–૪–૫ મો જેના લેખક વિદ્વાન્ પૂજ્ય શ્રી વિજયપદ્મસૂરિ મહારાજ છે. આ ગ્રંથમાં ત્રીજા, ચોથા અને પાંચમા તીર્થંકર ભગવાનની દેશનાં સાદી સરલ ગુજરાતી ભાષામાં લખાયેલ હોઇ બાળજીવોને ખાસ ઉપયોગી છે. સંક્ષિપ્ત ચરિત્ર પણ છે. પ્રકાશક શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા. અમૂલ્ય ભેટ. શેઠ જેસંગભાઇ કાળીદાસ તરફથી મળેલ છે.

૪ શ્રી હરિબળ મચ્છીનું અદ્‌ભૂત ચરિત્ર શ્રી નવસ્મરણ સાથે–મુનિરાજશ્રી હંસસાગરજી મહારાજ અનુવાદક છે. સાદી સરલ ભાષામાં છપાવેલ વાંચવા જેવું રસિક છે પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન શાહ મોતીચંદ દીપચંદ ઠળીયા (તળાજા) જે મુંબઇ કોટનિવાસી શેઠ અમૃતલાલ કેશવજી તરફથી ભેટ મળેલ છે.

૫ શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ–વર્ષ ૧૮ મું કર્તા પૂજ્ય પંન્યાસ વિકાશવિજયજી મહારાજ.

સંવત ૨૦૦૯ ની સાલનું સૂક્ષ્મ (સાયન) ગણિતવાળું આ પંચાંગ અમોને ભેટ મળેલું છે. અઢાર વર્ષથી કર્તા મુનિરાજ આ પંચાંગ કરી જૈન જૈનેતર પ્રજા સમક્ષ મૂકી મહાન્ ઉપકાર કરે છે. તેઓ સાહેબે ભૂલ બતાવવા એક વખત સૂચના કરેલી છતાં છતાં હજી સુધી કોઇ જ્યોતિષ નિષ્ણાતો ભૂલ કાઢી શકયા નથી (ખોટું ઠરાવી શકયા નથા) સાયન અને નિરયન પ્રમાણે દર વર્ષે જ્યોતિષીઓ ઘણા પંચાંગો પ્રગટ કરે છે, પરંતુ જેમને સૂક્ષ્મમાં સૂક્ષ્મ (સાચો) સમયની જરૂર હોય તેને આ પંચાંગ જરૂરીઆત પૂરી પાડે છે. અને તેને આટલા વર્ષ સુધી કોઇ ખોટું ગણિત ઠરાવી શકયા નથી, તે જ તેની સત્યતાનો પુરાવો છે. જૈન મહાત્મા અનેક રીતે ઉપકાર કરી શકે છે તે માંહેનો આ એક છે. કિંમત ચૌદ આના, પોસ્ટ અલગ, અમારે ત્યાંથી મળશે.

શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને સુચના.

પુસ્તક ૫૦ મું (ગયા માસ)શ્રાવણથી શરૂ થયું છે અને આ અંક બીજો છે. દર વખતે ભેટની બુક દરેક શ્રાવણ માસમાં વી પી. કરી લવાજમ વસુલ કરવામાં આવે છે પરંતુ આ વખતે ભેટની બુકનો નિર્ણય થવામાં બીજા કાર્યોને લઇને ઢીલ થઇ છે.તો ભેટની બુક તૈયાર થતાં લવાજમ વસુલ કરવા કારતક માસમાં વી. પી. કરવામાં આવશે. જેથી સ્વીકારી લેવા સુચના છે.

(તંત્રી)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

જલદી મંગાવો. **શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર) ફરીથી છપાવી શકાતું નથી.**

(શ્રી અમરચંદ્રાચાર્યકૃત)

ધર્મકથાનુયોગમાં શ્રી તીર્થંકર ભગવંતોના ચરિત્ર જેમાં આવેલ હોય છે તે ઉત્તમોત્તમ ધર્મકથા કહેવાય છે, જેના વાંચન–મનન અને અનુકરણથી મનુષ્ય મહાન પુરુષ બને છે, બાળકોને વાંચતા રસ ઉત્પન્ન થાય, દઢશ્રદ્ધા પ્રકટે, સહેલાઈથી મનન કરી કંઠાગ્ર થઈ શકે સંક્ષિપ્ત જિનેશ્વર દેવોના ચરિત્રો જ બાળજીવોને પ્રાથમિક ભૂમિકારૂપ ખાસ મનાયા છે. અને તેવો આ ગ્રંથ છે. સુંદર સાદી, સરળ ગુજરાતીમાં છપાવેલ છે. તેમાં વિશિષ્ટતા એ છે કે પ્રથમ મુખદર્શન ઉપર પવિત્ર શ્રી શત્રુંજય તીર્થનો દશ્ય-ફોટો છે, ગ્રંથની શરૂઆતમાં પૂજ્યશ્રી હરિભદ્રાચાર્યકૃત મહાદેવ અષ્ટક, પછી અનુક્રમે દરેક તીર્થંકર ભગવંતોના રંગના ફોટાઓ, પરમાત્માના ચરિત્રો, વચમાં શ્રી યશોવિજયજી મહારાજકૃત પરમાત્મ જ્યોતિ પચ્ચીશી, પરમાત્મા પચ્ચીશી, શ્રી હેમચંદ્રાચાર્યકૃત વીતરાગસ્તોત્ર અને છેવટ શ્રી સિદ્ધસેન દિવાકરકૃત બત્રીશીએ સર્વ મૂળ અર્થ સાથે આપવામાં આવેલ છે. સુંદર બાઇન્ડીંગ વગેરેથી આકર્ષક, અનુપમ આ ગ્રંથ તૈયાર કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૬–૦–૦ (પોસ્ટેજ જુદું.)

શ્રી દેવભદ્રાચાર્ય કૃત–

શ્રી કથારત્નકોષ ગ્રંથ (અનુવાદ) (ભાગ ૧ લો)

યથાર્થ નામને શોભાવતો આ કથારત્નકોષ ગ્રંથ સંવત ૧૧૫૮ ની સાલમાં પૂજ્ય પૂર્વાચાર્ય મહારાજે મૂળ પ્રાકૃતભાષામાં સુમારે સાડાબાર હજાર શ્લોકપ્રમાણમાં વિદ્વત્તાપૂર્ણ રીતે રચેલો છે. આ ગ્રંથમાં સમ્યક્ત્વાદિના ત્રીશ સામાન્ય ગુણો અને પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણો સુંદર, અનુપમ, વાચકને રસ ઉત્પન્ન કરે તેવી કથાઓ જે કેટલીક કથાઓ તદ્દન નવીન બીજે નહિં જોવાયેલી, તે નહિં વાંચવા સાંભળવામાં આવેલી જે જે ગુણો સાથે વંચાય તે તે ગુણો ગ્રહણ કરવાની વાચકને ઘડીભર જિજ્ઞાસા થાય અને સાથે આત્માને આહ્લાદ ઉત્પન્ન કરે તેવી કથાઓ છે.

દરેક કથાના વર્ણનમાં અને ઉપસંહારમાં તે તે ગુણોનું સ્વરૂપ, તેનું વિવેચન, તેના લગતા ગુણદોષો, લાભહાનિનું નિરૂપણ અતિ વિદ્વત્તાપૂર્ણ રસભરિત રીતે કર્યું છે.

ગુણોના વર્ણન ઉપરાંત પ્રસંગોપાત અનેક મહત્વના વિષયો જેવાં કે ઉપવન, ઋતુ, રાત્રિવર્ણનો વગેરે; તેમ જ રાજકુળના પરિચયથી થતાં લાભો, સત્પુરુષોનો માર્ગ, દેવદર્શન, પુરુષોના પ્રકારો, નહિ કરવાલાયક, છોડવાલાયક, ધારણ કરવાલાયક, વિશ્વાસ નહિ કરવાલાયક, રત્નલક્ષણો, સામુદ્રિક, રત્નપરીક્ષા વગેરે આકર્ષક વિષયો, દેવગુરુધર્મતત્ત્વનું અનુપમ સ્વરૂપ, વ્યવસ્થાપનવાદ સ્થળ, આઠ પ્રાતિહાર્યનું સ્વરૂપ, ધર્મતત્ત્વપરામર્શ, જિનપૂજાનું વિસ્તૃતસ્વરૂપ, સામાન્ય ધર્મોપદેશ, મૂર્તિપૂજા વિષયિક વર્ણન, ઉપધાન, ધ્વજારોપણ તથા મૂર્તિપ્રતિષ્ઠા આદિ વિધાનો અને અંતર્ગત અનેક કથાઓ આપવામાં આવી છે. જે મનનપૂર્વક નિરંતર પઠનપાઠનથી વાચક જરૂર આત્મકલ્યાણ સાધી શકે છે.

મૂળ ગ્રંથના સંપાદક, મહાન સંશોધક સાક્ષરશિરોમણિ કૃપાળુ શ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીની લખેલી વિદ્વત્તાપૂર્ણ ગુજરાતી ભાષામાં મૂળ ગ્રંથમાં આવેલી છે તે જ પ્રસ્તાવના આ પ્રથમ ભાગમાં અમોએ પ્રગટ કરી છે,

ઊંચામાં ઊંચા ટકાઉ કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી ચાલીશ ફોર્મ ક્રાઉન આઠ પેજીમાં વિવિધ. રંગીન કવરજેકેટ મજબૂત બાઈંડીંગથી સુંદર આ ગ્રંથનું પ્રકાશન કરેલ છે. અનેક વિષયોનું જ્ઞાન કરાવના આવો ગ્રંથ હજી કોઇ પ્રગટ થયો નથી તેમ વાંચતા માલમ પડશે. કિંમત રૂા. ૧૦–૦–૦ પોસ્ટેજ જુદું

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only